અપીલ અરજી નં.૬૦૦ તા.૨૭–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સાનેપરા વિનોદ વલ્લભભાઈ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સાનેપરા વિનોદ વલ્લભભાઈની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઉમરા નોર્થ ખાતે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા સંસ્થાને સુરત મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલ જગ્યા માટે સંસ્થા દ્વારા કરવામાં આવેલ, દરખાસ્તની નકલ, આ જગ્યા મેળવવા સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ ઉદ્દેશ, હેતુઓની વિગત, સંસ્થા દ્વારા સુરત મહાનગરપાલિકા સાથે આ જગ્યા ફાળવવા દરમ્યાન કે જગ્યા ફાળવતી વખતે કે તે પછી આ જગ્યાનાં વપરાશ, હેતુ, ઉદ્દેશ સબંધી કોઈપણ થયેલ કરાર, બોલીઓ–શરતો, એમ.ઓ.યુ.ની નકલ આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૧–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૦/૨૦૧૧–૧૨

શ્રી સાનેપરા વિનોદ વલ્લભભાઈની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઉમરા નોર્થ ખાતે ડિસ ેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા સંસ્થાને સુરત મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલ જગ્યા માટે સંસ્થા દ્વારા કરવામાં આવેલ, દરખાસ્તની નકલ, આ જગ્યા મેળવવા સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ ઉદ્દેશ, હેતુઓની વિગત, સંસ્થા દ્વારા સુરત મહાનગરપાલિકા સાથે આ જગ્યા ફાળવવા દરમ્યાન કે જગ્યા ફાળવતી વખતે કે તે પછી આ જગ્યાનાં વપરાશ, હેતુ, ઉદ્દેશ સબંધી કોઈપણ થયેલ કરાર, બોલીઓ–શરતો, એમ.ઓ.યુ.ની નકલ આપવી વિ.મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટીપીડી / આરટીઆઈ/ આ./૪૫૩ તા. ૧૭–૧૨–૧૧થી મળેલ માહિતી અધુરી અને સ્પષ્ટ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૭–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા આપેલ માહિતીની નકલો સહ ખાસ કરીને ફાળવણી શરતોમાં–પાલન અંગે, ચકાસણી–હેતુફેર અંગે તપાસ–શરત ભંગની જોગવાઈ રહેલ કે કેમ ? તે અંગે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ ? તે મુદ્દા પરત્વે તબદીલ જરૂર હોય તો થયેલ છે કે કેમ ? પૂર્તતા સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૩૪ તા.૧૩–૨–૧૨ થી** ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી) તથા અરજદારને આરટીઆઈ એકટના કાયદા અને નિયમો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર પણ મુકવામાં આવેલ છે. નિયત સમય અવધિમાં કલમ–૧૯(૧) અને નિયમ–૪ હેઠળ અપીલ કરવાનું ઉત્તરદાયિત્વ તેઓના શિરે છે. સાથે અપીલમાના તેમના અધુરી અને અસ્પષ્ટ માહિતીના દાવા અંગે મુદ્દાવાર, જાહેર માહિતી અધિકારીદીઠ નારજગી આધાર સહ સ્પષ્ટ કરવા સાથે તા. ૧૮–૧૧–૧૧ના અરજીના શેરાથી અસ્પષ્ટ અને અધુરી માહિતી આપ્યાનું જણાવી પરત મોકલી આપ્યાનું જણાવેલ છે તેના આધારે મુદ્દાવાર સ્પષ્ટતા આધાર સહ કરવા જણાવવા સાથે વધુમાં એ પણ સૂચિત કરેલ કે તેમની વિધિવત અપીલ નહીં હોવા છતાં વિલંબિત માહિતી અંગે જાણ કર્યા માત્રના આધારે નાગરિકલક્ષી હકારાત્મક અભિગમના ઉદ્દેશથી વિધિવત અપીલનું ફોર્મ મોકલવા સાથે અપીલ કરવાનું સૂચિત કરેલ તેવા શુભ આશય સામે વિલંબિત પોસ્ટ ડીલીવરીની તકરાર ઉપસ્થિતિ કરી વિલંબિત અપીલ માટે કોઈ વાજબીપણું જણાવેલ નથી. કલમ–૧૯(૧)ની જોગવાઈ ધ્યાને લેતાં તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૬૧૦ તા. ૨૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/૪૫૩ તા.૧૭–૧૨–૧૦ થી નાણા ભરવા પાઠવેલ પત્રની નકલ, અરજદારે માહિતી મેળવવા અંગે તા.૨૬–૧૨–૧૧ ના રોજ ભરેલ નાણા અંગેની રસીદની નકલ,

અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૭૩ તા.૨૯–૧૨–૧૧ ના પત્રની નકલ, અરજદારનો તા.૧૩–૧–૧૨ નો પત્ર, ડીસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાનો તા.૯–૫–૯૮ તથા તા.૨૪–૩–૦૫ ના પત્રની નકલ, ડીસેબલ ટ્રસ્ટ અને સુમપા વચ્ચે તા.૧૮–૪–૦૬ ના રોજ થયેલ કરારની નકલ, ગુજરાત સરકાર શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. ના ઠરાવ કમાંક સમન/૫૮૨૦૦૩/ ૩૬૭૮/પી તા.૨–૭–૦૮ના ઠરાવની નકલ જે અરજદારને પૂરી પાડેલ જે અત્રે રજૂ કરેલ પત્રની નકલ, અરજદારને ટીપીડી/આ.નં.૫૬૭ તા.૭–૨–૧૨ થી પુનઃ પાઠવેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીથી ડીસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા ફાળવેલ જમીન બાબતે સાહેબશ્રી સુમપા ને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ઉમરા નોર્થ ખાતે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા સંસ્થાને સુરત મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલ જગ્યા માટે સંસ્થા દ્વારા કરવામાં આવેલ, દરખાસ્તની નકલ, આ જગ્યા મેળવવા સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ ઉદ્દેશ, હેતુઓની વિગત, સંસ્થા દ્રારા સુરત મહાનગરપાલિકા સાથે આ જગ્યા ફાળવવા દરમ્યાન કે જગ્યા ફાળવતી વખતે કે તે પછી આ જગ્યાનાં વપરાશ, હેતુ, ઉદ્દેશ સબંધી કોઈપણ થયેલ કરાર, બોલીઓ–શરતો, એમ.ઓ.યુ.ની નકલ આપવી. મુદ્દા નં.(૨) હાલમાં આ સંસ્થાના સંકુલમાં ચાલતી પ્રવૃતિ ખેરખર જગ્યા મેળવતી વખતે સંસ્થાએ રજૂ કરેલા ઉદ્દેશ કે હેતુ પ્રમાણે ચાલી રહી છે કે કોઈ હેતુફેર થયો છે? જો હેતુફેર થયો હોય તો તે માટે અગાઉથી સંસ્થા ધ્વારા કોઈ પરવાનગી લેવામાં આવી છે કે નહી? જો પરવાનગી લેવામાં આવી હોય તો તેની નકલ, કોઈ ખાનગી વ્યવસાયિક હેતુ માટે સદર જગ્યાનો વપરાશ સંસ્થા કરી શકે કે કેમ તે જણાવવું. (૩) સુરત મહાનગરપાલિકાએ સંસ્થાને ઉમરા નોર્થ ખાતે જે જગ્યા ફાળવેલ છે તે જગ્યાની બાજુમાં હાલ પ્રભુ જનરલ હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે તે જગ્યા માંગણી વખતે સંસ્થાએ રજૂ કરેલ દરખાસ્તની નકલ આ જગ્યા પર સંસ્થા જે પ્રવૃતિ કરવા માંગતી હતી તેના હેતુ ઉદ્દેશની વિગત, કરાર બોલી શરતોની નકલ તેમજ આ જગ્યા પર હાલમાં જે પ્રવૃતિ કરવામાં આવી રહી છે તે ખરેખર સંસ્થાએ રજૂ કરેલ ઉદ્દેશ મુજબ જ છે કે કે કોઈ હેતુફેર કરવામાં આવ્યો છે? જો સંસ્થા હાલમાં જે પ્રવૃતિ કરેલ છે તેમાં ઉદ્દેશ કે હેતુફેર થયો હોય તો તે માટે સુરત મહાનગરપાલિકાની અગાઉ પરવાનગી લેવામાં આવી છે? જો પરવાનગી લેવામાં આવી હોય તો તેની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૫૩ તા.૧૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને ટાઉન પ્લાનીંગ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબ તમોને નંગ ૧૦ પાનાની નકલ આપવાની થાય છે જે અન્વયે પ્રતિ નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨૦/– સુમપામાં ભરપાઈ કરી તેની જાણ અત્રેની કચેરીએ કરવા વિનંતી જેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય.વધુમાં પ્રશ્નવાળી જગ્યાએ વપરાશ/ઉપયોગ અંગે સદરહુ સંસ્થા ધ્વારા હેતુફેર કરવામાં આવેલ છે કે કેમ? તે અગે ટાઉન પ્લાનીંગ ખાતા એ કોઈ માહિતી મેળવેલ નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૩–૧૨–૧૧ ના રોજ સાહેબશ્રી સુમપા મારી તા.૧૮–૧૨–૧૧ ની અરજી ડીસેબલ વેલફેર ટ્રસ્ટ ઈન્ડિયાને નગર પાલિકાનએ ફાળવેલ જમીન બાબતની માહિતી માંગતી અરજી બાબતે કોઈ પણ પ્રકારનો જવાબ મળ ેલ નથી. તેથી તેવી માહિતી ૩૦ દિવસ થઈ ગયા હોવાથી કોઈ પણ પ્રકારનો ખર્ચ લીધા વગર અપાવવા પત્ર પાઠવેલ. જેના સંદર્ભે અત્રેથી અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૨ તા.૬–૧–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજગીના કિસ્સામાં અપીલ કરવા ઈચ્છતા હોય તો નમુના–ક ની મુળ અરજીની માહિતી, ભરવામાં આવેલ ફી ની વિગત જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી તથા જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરની સામે નારાજગીના કારણો આધાર પુરાવા સહિત નમુના–ચ મુજબ રજૂઆત કરવા જણાવેલ. જે અંગે અરજદારે નમુના–ચ માં તા.૨૭–૧–૧૨ ના રોજ ટાઉન પ્લાનીંગ આરટીઆઈ વિભાગમાં અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે માહિતી અધૂરી અને સ્પષ્ટ નથી તેવી રજૂઆત કરેલ છે. તથા મુદ્દા નં.૨ અને ૩ અન્વયે કોઈ પણ જાતની માહિતી મળેલ ન હતી આથી માહિતી અસ્પષ્ટ અને અધૂરી હતી એટલે પરત મોકલી આપેલ છે તેવું તેમની મુળ અરજીની નકલ ઉપર હકીકત જણાવી તા.૨૩–૧–૧૨ જણાવી નીચે સહી કરેલ છે. અપીલના અનુસંધાને બંને પક્ષકારોને આરટીઆઈ સેલ/૧૭૩૪ તા.૧૩–૨–૧૨ થી પૂરક વિગતો માંગતા પત્રો પાઠવવામાં આવેલ. જેમાં અરજદારને અધૂરી વિગતના દાવા અંગે મુદ્દાસર નારાજગી રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદારે અસ્પષ્ટ અને અધૂરી માહિતી જણાવી જાહેર માહિતી અધિકારીને પરત મોકલી આપ્યાનું જણાવેલ છે. વધુમાં એ પણ સુચિત કરવામાંઆવેલ કે તેમની વિધિવત અપીલ નહીં હોવા છતાં વિલંબિત માહિતી અંગેના જાણ કર્યા માત્રના આધારે નાગરિકલક્ષી હકારાત્મક અભિગમના ઉદ્દેશથી વિધિવત અપીલનું ફોર્મ મોકલ્યાનું સાથે અપીલ કરવાનું સૂચિત કરેલ તેવા શુભ આશય સામે વિલંબિત પોસ્ટ ડીલીવરીની તકરાર ઉપસ્થિતિ કરી વિલંબિત અપીલ માટે કોઈ વાજબીપણું જણાવેલ નથી. તેમજ પૂરક વિગતો પણ રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી રજૂ થયેલ પૂરક વિગતો જોતાં અરજદારે ટાઉન પ્લાનીંગ વિભાગની રસીદ નં.૫૨૩૧૭ તા. ૨૬–૧૨–૧૧ થી નાણા ભરપાઈ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૪૭૩ તા.૨૯–૧૨–૧૧ થી અરજદારને પાના નંગ–૧૦ નકલ પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે જે અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૫૬૩ તા.૬–૨–૧૧ થી મળેલ પત્ર સાથે અરજદારની આપેલી માહિતી અંગેની પત્રની નકલ અત્રે મળેલ. જેમાં અરજદારે તા.૧૭–૧૨–૧૧ ના રોજ રવાના કરેલ માહિતી તા.૨૬–૧૨–૧૧ ના રોજ મળેલ. જે અંગે રૂા.૨૦ ફી ભરેલ પરંતુ જરૂરી માહિતી મળેલ નથી તેવું અરજદારને આપેલ માહિતીના પત્રમાં લખી તેવી રજૂઆત કરેલ. તેમજ પૂરક વિગતો પણ ટાઉન પ્લાનીંગ વિભાગમાં તા.૨૭–૧–૧૨ ના રોજ મળેલ છે જેમાં

અરજદારે અપીલ ફોર્મ તથા મુદ્દા નં.૨ અને ૩ અન્વયે કોઈ પણ જાતની માહિતી મળેલ ન હતી જે આપી હતી તે અસ્પષ્ટ અને અધૂરી હતી એટલે પાછી મોકલી આપેલ છે તેવું તેઓની અરજીની નકલ ઉપર જણાવેલ છે અને સહી કરેલ છે. આમ અરજદારે અરજદારની મુળ અરજીની નકલ ઉપર તેમજ જાહેર માહિતી અધિકારીની નકલ ઉપર જે રીમાર્કસ કરેલ છે જે વિરોધાભાસી છે. એક તરફ માહિતી મળી નથી તેવી રજૂઆત કરેલ છે તો બીજી તરફ અસ્પષ્ટ અને અધૂરી માહિતી હોવાથી પરત કરેલ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારને પત્ર પાઠવી અપીલ તબકકે તક આપવા છતાં પણ તેઓએ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની વિગતો કે તેના આધાર અંગે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂરક વિગતોમાં અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી અંગે સંસ્થા ધ્વારા તા.૨૪–૩–૦૫ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તની નકલ માંગવામાં આવેલ જે પૂરી પાડવામાં આવેલ. તથા જગ્યા મેળવવા સંસ્થા ધ્વારા રજૂ કરવામાં આવેલ ઉદ્દેશ હેતુની વિગત માંગવામાં આવેલ જેનો સમાવેશ તે વિગતોના પત્રમાં થઈ જાય છે. તેમ છતાં સ્પષ્ટતા અર્થે સંસ્થા ધ્વારા તા.૯–૫–૯૮ થી કરવામાં આવેલ દરખાસ્તની નકલ પણ પાઠવવામાં આવેલ છે. જે દરખાસ્ત અન્ય જગ્યા માટે પણ કરવામાં આવેલ છે તથા તા.૧૮–૪–૦૬ થી સંસ્થા સાથે કરવામાં આવેલ કરાર /રાખવામાં આવેલ શરતોની નકલ પણ પાઠવવામાં આવેલ છે. વધુમાં શ.વિ. અને શ.વિ. ગૃ.નિ. ની તા. ૨–૭–૦૮ ના ઠરાવની નકલ પણ પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.૨ અંગે હાલ આ સંસ્થાના સંકુલમાં ચાલતી પ્રવૃતિ ખરેખર જગ્યા મેળવતી વખતે સંસ્થાએ રજૂ કરેલ ઉદ્દેશ કે હેતુ પ્રમાણે હેતુફેર થયેલ નથી. જયારે મુદ્દા નં.૩ માં સંસ્થાએ કરેલ દરખાસ્ત અને કરારની વિગતો જે મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબની માહિતી પાઠવવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩ માં સંસ્થાએ રજૂ કરેલ ઉદ્દેશ કોઈ હેતુફેર કરવામાં આવ્યો છે તેવા પ્રશ્નનો પ્રત્યુત્તર મુદ્દા નં.૨ પ્રમાણે હોવાનું પણ જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલ માહિતી નકલો સહ પૂરી પાડવામાં આવેલ અને ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં પુનઃ ટીપીડી/આન.૫૬૭ તા.૭–૨–૧૨ થી પૂરી પાડયાનું પણ જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીના તા. ૭–૨–૧૨થી અરજદારને પાઠવેલ પત્રમાં વધુ વિગત સ્પષ્ટ જણાવ્યેથી તેવી વિગતો પૂરી પાડવા પણ પ્રસ્તાવ કરેલ છે જેની નકલ અપીલમાં અત્રે રજૂ કરેલ છે. અરજદાર દ્રારા અપીલ તબકકે પુનરાવર્તિત તક આપવા છતાં તેમનો પક્ષ રજૂ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૭–૧–૧૨ ધ્યાને લેતાં ૨૫–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સાનેપરા વિનોદ વલ્લભભાઈ